Saturday
27.05.2023
*Volume :7 * Issue No.298
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


# પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'યુગપુરુષ રાજા રામમોહન' નૃત્ય નાટિકાની પ્રસ્તુતિ

## રાજા રામમોહન રોયની ૨૫૧મી જયંતી નિમિત્તે રાજા રામમોહન રોય લાઇબ્રેરી ફાઉન્ડેશન, કોલકત્તા અને ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં એચ.કે. આર્ટ્સ કોલેજ ખાતે કરાયું આયોજન









## રાજા રામમોહન રોયના જીવન અને કાર્યો વિષયક નૃત્ય નાટિકાનું મંચન યોજાયું

કમલમ્ ન્યુઝ,

આજે યુગપુરુષ રાજા રામમોહન રોયની ૨૫૧મી જયંતી નિમિત્તે અમદાવાદના ચીનુભાઈ સભાગૃહ, એચ.કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે નૃત્ય નાટિકાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મૂળુભાઈ બેરાની પ્રોત્સાહક ઉપસ્થિતિ રહી હતી. આ નૃત્ય નાટિકા રાજા રામમોહન રોયના જીવન અને તેમનાં કાર્યો વિષયક યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય, નવી દિલ્હી હસ્તકના રાજા રામમોહન રોય લાઈબ્રેરી ફાઉન્ડેશન, કોલકત્તા અને ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, શિક્ષણના પ્રખર હિમાયતી એવા રાજા રામમોહન રોયને આજના દિવસે વંદન કરું છું. પહેલાના સમયમાં સમાજમાં રહેલા કુરિવાજોને દૂર કરવાનો શ્રેય રાજા રામમોહન રોયને જાય છે. તેઓ હંમેશાં બાળવિવાહ, સતીપ્રથા જેવી બદીઓને દૂર કરવા માટે પ્રયત્નશીલ રહેતા. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજા રામમોહનરોય ફાઉન્ડેશનને શક્ય તેટલો સંપૂર્ણ સહયોગ આપવાની રાજ્ય સરકાર વતી ખાતરી આપું છું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરી હતી.

તેમણે એમ પણ કહ્યું કે, આ વર્ષે રાજ્ય સરકારે બજેટમાં ર ૭૮ કરોડ સાર્વજનિક ગ્રંથાલયની પ્રવૃત્તિઓને વધુ વિકાસ મળી રહે તે માટે ફાળવ્યા છે. આ પ્રસંગે સાંસદ સભ્ય શ્રી ડો. કિરીટ સોલંકીએ કહ્યું હતું કે, બ્રિટિશ સામ્રાજ્યમાં ઘણા બધા કુરિવાજો સામે લડીને બંધ કરાવ્યા હોય તો તે યુગપુરુષ રાજા રામમોહન રૌય, અને સતીપ્રથા જેવી બદીઓને સમાજમાંથી દૂર કરવાનો શ્રેય પણ તેમને જ જાય છે. તેમણે કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં મને સહભાગી કરવા બદલ રાજા રામમોહન રોય ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરું છું. રાજા રામમોહન રોય ફાઉન્ડેશન, કોલકત્તાના ડાયરેકટર જનરલ શ્રી. એ.પી સિંઘએ સ્વાગત પ્રવચન આપતા ફાઉન્ડેશનની કાર્યપ્રણાલી અને ફાઉન્ડેશન દ્વારા થતાં કાર્યો વિશે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, ગ્રંથાલય બોર્ડના શ્રી ગોસ્વામી, શ્રી પિનાકીન મેઘાણી, શ્રી અભેસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાત વેટરનરી કાઉન્સીલની પુન:રચના કરી ૧૨ સભ્યોની કરાઈ નવનિયુક્તિ



### પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે નવનિયુક્ત સભ્યોને અભિનંદન પાઠવી પશુચિકિત્સકો-પશુપાલકોના કલ્યાણ માટે રચનાત્મક કામ કરવા અનુરોધ કર્યો

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારની સૂચનાથી ગુજરાત વેટરનરી કાઉન્સીલની તાજેતરમાં જ પુન: રચના કરી કુલ ૧૨ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે. નિયુક્તિ બાદ તા.૨૫મી મે, ૨૦૨૩ના રોજ કાઉન્સિલના સભ્યશ્રીઓની પ્રથમ બેઠક મળી હતી. બેઠક બાદ તમામ સભ્યશ્રીઓએ પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત કરી હતી. મંત્રીશ્રીએ નવનિયુક્ત સભ્યોને અભિનંદન પાઠવીને રાજયના પશુચિકિત્સકો અને પશુપાલકોના કલ્યાણ માટે રચનાત્મક કામ કરવા અનુરોધ કર્યો હતો. ગુજરાત રાજયમાં પશુસારવાર સાથે સંકળાયેલ પશુચિકિત્સકો યોગ્ય માપદંડ મુજબ પશુઓનાં આરોગ્યની જાળવણી કરે, તેનું નિયમન તેમજ નવી શોધાતી વૈજ્ઞાનિક પદ્ધતિઓની જાણ સમયાંતરે રાજયનાં પશુચિકિત્સકોને મળતી રહે, તે માટે ઈન્ડિયન વેટરનરી કાઉન્સિલ એક્ટ-૧૯૮૪ હેઠળ ગુજરાત વેટરનરી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. આજે નવનિયુક્ત સભ્યોની પ્રથમ બેઠક પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની એસ. ઠાકરના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં તમામ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા. કાઉન્સિલના નિયમોનુસાર આ બેઠકમાં પ્રમુખ તરીકે નિવૃત નાયબ પશુપાલન નિયામક ડૉ. બી. ડી. પટેલ અને ઉપપ્રમુખ તરીકે વેટરનરી ક્લિનિકલ કોમ્પ્લેક્ષ, વેટરનરી કૉલેજ-આણંદના એસો.પ્રોફેસર અને હેડ ડૉ. કે. કે. હડીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## સાબરકાંઠા ભાજપ સંગઠન પ્રભારીનું ટીમ પાલનપુર ભાજપ દ્વારા સન્માન કરાયુ



કમલમ્ ન્યુઝ,

બનાસકાંઠા જિલ્લા ભાજપના પૂર્વ સંગઠન મહામંત્રી અને પાર્ટીના કર્મઠ આગેવાન કાર્યકર ગજેન્દ્રભાઈ સક્સેના ( વડગામ ) ની તાજેતરમાં પ્રદેશ ભાજપ નેતૃત્વ દ્વારા સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રભારી તરીકે નિમણુંક થતાં ટીમ પાલનપુર ભાજપ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી..

## રાજકોટ ખાતે યોજાયેલ આ કૃષિ ગૌ ટેક ૨૦૨૩માં ભારત સરકારના પશુપાલન મંત્રીશ્રી પુરષોત્તમ રૂપાલાજીએ પણ સુમુલ ડેરીના સ્ટોલની મુલાકાત લીધી હતી



કમલમ્ ન્યુઝ,

ભારત સરકાર દેશના યશશ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના વિઝન મુજબ તેમજ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતી, ગૌ સંવર્ધન સાથે કૃષિ આધારિત ઉદ્યોગોને વેગ આપીને રોજગારી સર્જન તેમજ આર્થિક વિકાસ પર ભાર મુકી રહી છે, ત્યારે આ કાર્યક્રમની શૃંખલાના ભાગરૂપે વિશ્વમાં સૌ પ્રથમ વખત રાજકોટમાં ગૌ આધારિત એક્સપો યોજાયો જેમાં ૨૦૦થી વધુ પ્રોડક્ટસના સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં સુમુલ ડેરીના સાથી ડીરેકટર શ્રીઓ સાથે ભાગ લીધો. આ પ્રદર્શનમાં સુમુલ ડેરી દ્વારા પણ અત્યંત માહિતીસભર એક સ્ટોલ રાખવામાં આવ્યો હતો જેનો મોટી સંખ્યામાં આવનાર મુલાકાતીઓએ લાભ લીધો. આ ગૌ ટેક -૨૦૨૩ એક્સપોમાં ગાયના મુત્રમાંથી બનતી અવનવી ઔષધી, ગાયના છાણમાંથી બનતી અલગ અલગ પ્રોડકડ, ગાયના દુધમાઁથી બનતી અલગ અલગ પ્રોડક્ટ રજુ કરવામાં આવી.સેનેટાઈઝર, સાબુ, લિક્વીડ, ફિનાઈલ, સાબુ, જૈવ-કિટનાશક સહિત અવનવી અનેક આઈટમો આ એક્સપોમાં જોવા મળી.ગોબરમાંથી બનેલા પ્લાસ્ટર, ઈંટ, પ્લાયવૂડ, પેઈન્ટ, કાગળ, ફોટોફ્રેમ સહિતની વસ્તુઓ ઉપરાંત ગોબરમાંથી બનતી અન્ય જીવનજરૂરી તથા સુશોભનની અનેકવિધ નવતર વસ્તુઓ જોવા મળી. આ એક્ષપોમા મોટી સંખ્યામાં ડેરીના ધંધાર્થીઓ, દૂધ પાઉડર વેચનાર, ડેરી મશીનરી વિક્રેતા, દૂધ પરીક્ષણની લેબોરેટરી સાધન વિક્રેતા, સાબુ બનાવનાર, કોસ્મેટિકના ઉત્પાદકો, સહકારી સંગઠનો, અર્ક વિતરકો, ગાયના છાણના વિવિધ મૂર્તિ ઉત્પાદકો, ધૂપ બનાવનાર, દવા બનાવનાર, કાષ્ટ બનાવનાર, ગોબર ગેસના પ્લાન્ટ નિર્માતાઓ પણ ભાગ લીધો. આ સાથે જ રંગ રસાયણ ઉત્પાદકો, જૈવિક ખાતરના ઉત્પાદકો, બાયો ડી.એ.પી ઉત્પાદકો, ખાણદાણ માટેની કંપનીઓ, પંચગવ્યના ઉત્પાદકો, ગર્ભ સંસ્કાર કેન્દ્રોનાં આગેવાનોએ પણ હાજરી આપી.કેન્દ્રીય પશુપાલન મંત્રીશ્રી પુરષોત્તામ રૂપાલાજી એ પણ સુમુલ ડેરીના સ્ટોલની મુલાકાત લીધી હતી.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષ્યમાં ભાવનગરના સુભાષનગર ખાતે યોગ અભ્યાસ કાર્યક્રમ યોજાયો

## યોગ ઉત્સવ અંતર્ગત કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ દ્વારા કરાયું વિશેષ કાર્યક્રમનું આયોજન









કમલમ્ ન્યુઝ,

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે ત્યારે આ દિવસની ઉજવણીના પૂર્વ પ્રચાર અર્થે તેમજ યોગ અંગે લોકજાગરૂકતા ફેલાય તે માટે ભાવનગરના સુભાષનગર ખાતે પરશુરામ પાર્કમાં યોગ અભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજ્ય યોગ બોર્ડના ભાવનગરનાં યોગ પ્રશિક્ષક તેમજ પતંજલિ યોગ મહિલા મહામંત્રી રેખાબેન ડોબરિયાના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિત લોકોને યોગ અભ્યાસ કરાવવામાં આવ્યો. કાર્યક્રમ અંગે જાણકારી આપતા કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢના અધિકારી શ્રી દેવેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪થી વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની શરૂઆત થઈ છે ત્યારે આ વર્ષે નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉમંગ અને ઉત્સાહ સાથે ભારત સહિત સમગ્ર વિશ્વમાં થાય તે માટે તેમજ લોકોમાં યોગ અંગે જાગૃતતા કેળવાય તેવા આશય સાથે વર્તમાન સમયમાં દેશભરમાં યોગ ઉત્સવ અંતર્ગત વિભિન્ન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર ખાતે પણ આજરોજ આજ ઉદ્દેશ્ય સાથે યોગ પ્રશિક્ષકના માર્ગદર્શન હેઠળ યોગ અભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ એ આપણી પ્રાચીન સંસ્કૃતિની દેન છે અને નિયમિત યોગ કરીને પ્રત્યેક વ્યક્તિ નિરોગી રહી તંદુરસ્ત જીવન જીવી શકે છે તેવું કહેતા રાજ્ય યોગ બોર્ડના ભાવનગરના યોગ પ્રશિક્ષક રેખાબેન ડોબરીયાએ યોગ આસનો દ્વારા થતા લાભો અંગે જાણકારી આપવાની સાથે ઉપસ્થિત લોકોને યોગ અભ્યાસ કરાવ્યો હતો. બાળકો અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભાવનગરના શહેરીજનોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોગ અભ્યાસ કર્યો હતો તેમજ કાર્યક્રમના અંતે 'કરો યોગ રહો નિરોગ' ના સૂત્રને સાથે લઈ નિયમિત યોગ કરવા માટેનો સંકલ્પ લીધો હતો.

